# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 23-04-2026 Day : Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી :

માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ભારપૂર્વક જણાવ્યું કે, ખેડૂતોને ફક્ત ખોરાક આપનારા તરીકે જ નહીં, પણ ઉર્જા ઉત્પાદક તરીકે પણ સશક્ત બનાવવા જોઈએ. શ્રી ગડકરીએ નવી દિલ્હીમાં સેવ ધ અર્થ કોન્ક્લેવના બીજા સંસ્કરણને સંબોધતા આ વાત કહી હતી. કેન્દ્રીય મંત્રીએ રિસાયક્લિંગ અને બાયો-એનર્જી ઉત્પાદન દ્વારા કચરાને સંપત્તિમાં રૂપાંતરિત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

**------------------------------------------------------------------------------------------**

## હોર્મુઝ સ્ટ્રેટમાં ભારત આવી રહેલા જહાજને રોક્યું :

ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ (IRGC) એ હોર્મુઝ સ્ટ્રેટમાં ભારત આવી રહેલા એક જહાજને રોકીને કબજે કર્યું છે. ઈરાને આરોપ લગાવ્યો છે કે, આ જહાજ પરવાનગી વગર હોર્મુઝમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહ્યું હતું.

લાઈબેરિયાના ફ્લેગવાળું એપામિનોડેસ નામનું આ કન્ટેનર શિપ ગુજરાતના મુંદ્રા પોર્ટ તરફ જઈ રહ્યું હતું. ઈરાની નૌકાદળના જણાવ્યા અનુસાર, જહાજની નેવિગેશન સિસ્ટમમાં છેડછાડ કરવામાં આવી હતી, જેનાથી દરિયાઈ સુરક્ષા માટે જોખમ ઊભું થયું હતું.

**------------------------------------------------------------------------------------------**

## મન કી બાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26-મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 133-મી કડી હશે.

આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ અથવા માય GOV ઑપન ફોરમના માધ્યમથી પણ ઑનલાઈન મોકલી શકે છે. શ્રોતાઓ 1922 પર મિસ્ડ કૉલ કરીને સીધા જ પ્રધાનમંત્રીને પોતાના મંતવ્ય મોકલી શકે છે. મંતવ્ય મોકલવાની છેલ્લી તારીખ 24 ઍપ્રિલ રહેશે.

---

## ગુજકોમાસોલ :

ગુજરાત રાજ્ય સહકારી માર્કેટિંગ ફેડરેશન લિમિટેડ – ગુજકોમાસોલ દ્વારા પ્રાકૃતિક ખાતર વેચાણનો ગઈકાલે શુભારંભ કરાયો. હવે આ સંસ્થા દ્વારા પ્રાકૃતિક ખનીજમાંથી બનેલા ખાતરનું વેચાણ કરાશે.

ગાંધીનગરમાં યોજાયેલા શુભારંભ કાર્યક્રમને સંબોધતા ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ રાજ્યના ખેડૂતો માટેની આ પહેલને મહત્વની ગણાવી. તેમણે કહ્યું, જૉર્ડનની અગ્રણી કંપની મનાસીર નૅચરલ ગ્રીન – MNGની નવીનવી વસ્તુઓ હવે ગુજકોમાસોલના માધ્યમથી ખેડૂતો સુધી પહોંચશે. તેનાથી ખેતીમાં ઉત્પાદન વધવા અને પર્યાવરણ સંરક્ષણને વધુ વેગ મળશે.

---

## મતગણતરીની પ્રક્રિયા માટે નિર્ધારિત સ્થળો :

આગામી ૨૬ એપ્રિલના સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી માટે મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હાથ ધરાનારી મતગણતરીની પ્રક્રિયા માટે 14 સ્થળ નિર્ધારિત કરવામાં આવ્યા છે, જેમાં મનપા અને સુધરાઇ માટે 6, તો તાલુકા-જિ.પંચાયત માટે 8 સ્થળનો સમાવેશ થાય છે.

જિલ્લા તંત્ર તરફથી મળેલી સત્તાવાર વિગતો અનુસાર 28 મી તારીખે સવારે 9 વાગ્યાથી મતગણતરી હાથ ધરવામાં આવશે.

ગાંધીધામ મહાનગરપાલિકાને રિસીવિંગ- ડિસ્પેચિંગ સેન્ટર ઉપરાંત મતગણતરીનું સ્થળ મૈત્રી મહાવિદ્યાલય આદિપુર રહેશે. ભુજ નગરપાલિકા ઉપરાંત તાલુકા પંચાયત તેમજ તાલુકામાં સમાવિષ્ટ જિ.પંચાયતની 8 બેઠક માટે સરકારી ઇજનેરી કોલેજ ભુજમાં મતગણતરી હાથ ધરાશે.

ઉપરાંત, અંજાર, મુંદરા, માંડવી અને નખત્રાણામાં નગરપાલિકા તેમજ જિલ્લા-તાલુકા પંચાયત માટે મતગણતરી કેન્દ્રની અલગ-અલગ વ્યવસ્થા ઊભી કરાઇ છે. હાલ આ નિર્ધારિત કરાયેલાં સ્થળે જ ઇવીએમને સ્ટોગરૂમમાં સીલ કરીને રાખવામાં આવ્યાં છે.

------------------------------------------------------------------------------------------

## જિલ્લામાં હથિયારબંધી :

કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ ડી.પી. ચૌહાણ દ્વારા વિવિધ પ્રતિબંધાત્મક આદેશો બહાર પાડવામાં આવ્યા છે.

તા. 21 એપ્રિલથી 5 મે 2026 સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં હથિયારબંધી અમલી રહેશે. આ સમયગાળા દરમિયાન સરકારી કચેરીઓની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં રેલી, સરઘસ, ધરણા કે અનધિકૃત રીતે ચારથી વધુ વ્યક્તિઓના એકઠા થવા પર મનાઈ ફરમાવવામાં આવી છે.

## IPL :

IPL ક્રિકેટમાં, રાજસ્થાન રોયલ્સે લખનઉના ભારત રત્ન શ્રી અટલ બિહારી વાજપેયી એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે લખનઉ સુપર જાયન્ટ્સ સામે 4 ઓવરમાં 3 વિકેટે 32 રન બનાવ્યા હતા.

અગાઉ લખનઉ સુપર જાયન્ટ્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ૧૬૦ રનના લક્ષ્યાંકને આંબવા ઉતરેલી લખનૌની ટીમ રાજસ્થાન રોયલ્સના બોલિંગ આક્રમણ સામે ૧૧૯ રને ઓલ આઉટ થઈ હતી.

---

## આરોગ્ય માર્ગદર્શિકા :

રાજ્યમાં ગરમીના તીવ્ર મોજા એટલે કે, હીટવેવના વધતા પ્રકોપને ધ્યાનમાં રાખીને, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. તે મુજબ, બપોરે 12 થી 4 વાગ્યા સુધી કામ વગર ઘરની બહાર ન નીકળવા, કામથી બહાર નીકળવું પડે ત્યારે માથા ઉપર ટોપી અથવા ભીનું કપડું રાખવા પુષ્કળ પ્રમાણમાં પાણી, છાસ, લીંબુ શરબત અને નાળિયેર પાણી જેવા પ્રવાહી પીણાનું સેવન કરવાની સલાહ અપાઈ છે.

---